**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ વદ - ૧૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

ચિંતા ઉધઈ જેવી હોય છે જેના જીવનમાં ઘર કરી જાય, એનો સર્વનાશ કરીને જ ઝંપે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૧ ● તારીખઃ ૦૯.૦૮.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# કચ્છના રણમાં ૧૦૦થી વધુ માનવ હાડપિંજરો મળ્યા

## સંશોધકોએ પ્રાચીન વસાહત શોધી, ૧ હજાર વર્ષથી વધુ પ્રાચીન માટીના વાસણો, તાંબાના સિક્કા શોધ્યા









**સમય સંદેશઃ કચ્છ**

પાકિસ્તાન સરહદ નજીક કચ્છના રણમાં કચ્છ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંયુક્ત સંશોધન દરમિયાન ગઈકાલે સંશોધકોને એક જ દિશામાં દફનાવાયેલા ૧૦૦થી વધુ માનવ હાડપિંજરો મળ્યા છે.

આ ઉપરાંત, ટેરાકોટાની વસ્તુઓ, માટીના વાસણો, દીવા, તાંબાના સિક્કા, રમકડાં અને બાંધકામના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. સંશોધકોનું માનવું છે કે, આ અવશેષોની વિવિધતા દર્શાવે છે કે આ સ્થળ માત્ર સામાન્ય રહેણાક વિસ્તાર નહોતું, પરંતુ એક વિકસિત અને સમૃદ્ધ માનવ વસાહત હોઈ શકે છે. આ સ્થળને કામચલાઉ રીતે 'બરબાદપુર' નામ આપવામાં આવ્યું છે.

કચ્છ યુનિવર્સિટીના જીઓસાયન્સ વિભાગના ઇન્ચાર્જ ડો. ગૌરવ ચૌહાણની ટીમે આ સ્થળનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કર્યું છે. સંશોધકોનું અનુમાન છે કે, પ્રાચીન સમયમાં આ વિસ્તાર નદીકાંઠાની વસાહત તરીકે વિકસ્યો હશે. સિંધુ નદીના જૂના વહેણ સાથે આ વિસ્તારના સંભવિત સંબંધ અંગે પણ સંશોધન ચાલી રહ્યું છે.

આ સ્થળની પ્રાથમિક જાણકારી સૌથી પહેલા વર્ષ ૨૦૨૪માં ઇજનેરના જવાનોને પેટ્રોલિંગ દરમિયાન મળી હતી. ત્યારબાદ સંશોધકોએ સ્થળની મુલાકાત લઈ પુરાતત્વીય પુરાવાઓનું દસ્તાવેજીકરણ કર્યું. ૧૮૧૯ના કચ્છના વિનાશક ભૂકંપ બાદ નદીના પ્રવાહમાં થયેલા સંભવિત ફેરફારોને કારણે જમીન નીચે દટાયેલા અવશેષો સમયાંતરે સપાટી પર આવ્યા હોવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

પ્રાથમિક અનુમાન મુજબ, આ સ્થળ આશરે ૧૦૦૦થી ૧૫૦૦ વર્ષ જૂનું હોઈ શકે છે. જોકે, તેની ચોક્કસ ઉંમર વૈજ્ઞાનિક પરીક્ષણો બાદ જ નક્કી થશે. સત્ય સામે લાવવા માટે હવે માનવ અવશેષો અને પુરાતત્વીય સામગ્રીનું કાર્બન ડેટિંગ, ઉગઅ વિશ્લેષણ અને અન્ય આધુનિક પદ્ધતિઓ દ્વારા પરીક્ષણ કરાશે.

ઓક્સફર્ડ યુનિવર્સિટી, ડેક્કન કોલેજ, ઈજઇ્ઘ અને PRL જેવી સંસ્થાઓના સહયોગથી આ સંશોધનને આગળ વધારાશે. આગામી તબક્કાનું વિસ્તૃત ઉત્ખનન ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની મંજૂરી મળ્યા બાદ હાથ ધરાશે. સંશોધન બાદ કચ્છના પ્રાચીન માનવ વસવાટ, નદીના બદલાયેલા પ્રવાહ અને પ્રદેશના સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ અંગે નવી કડીઓ મળી શકે છે. રણની ધરતી નીચે છુપાયેલું આ રહસ્ય હવે વૈજ્ઞાનિક તપાસના પરિણામોની રાહ જોઈ રહ્યું છે.

# આઈઆઈટી દિલ્હીના ૫૭મા પદવીદાન સમારંભમાં હાજરી આપતા પ્રધાનમંત્રીઃ વિદ્યાર્થીઓને કર્યું સંબોધન

**સમય સંદેશઃ નવી દિલ્હી**

પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે રમૂજી અંદાજમાં વાતચીત કરતાં કહ્યું કે, 'આજે તમામ વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભમાં હાજર છે, પરંતુ તમારા મનમાં ભવિષ્યને લઈને કંઈક ને કંઈક જરૂર ચાલી રહ્યું હશે. હું બાબા બાગેશ્વર તો નથી, પણ મનમાં કંઈક તો ચાલતું જ હશે. દરેક વિદ્યાર્થીના મનમાં આવનારા કાલની અલગ-અલગ તસવીર હોય છે. કોઈને પોતાની પહેલી નોકરી અને પગારની રાહ હશે, તો કોઈ સ્ટાર્ટઅપ શરૂ કરવાનું સ્વપન જોઈ રહ્યું હશે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ આગળની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાનો લક્ષ્યાંક રાખતા હશે.'






વડાપ્રધાને જણાવ્યું કે, 'આજે ગ્લોબલ ઓર્ડર ઝડપથી બદલાઈ રહ્યો છે અને તેની પાછળ ટેક્નોલોજી એક મોટું કારણ છે. આવનારા ૨૦-૩૦ વર્ષમાં દુનિયા કેવી હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. ટેક્નોલોજી બદલાશે, દુનિયા બદલાશે, પરંતુ આ બદલાતી દુનિયામાં એ જ આગળ વધશે જે સતત શીખતો રહેશે. IIT દિલ્હીમાં તમારા પહેલા દિવસને યાદ કરો અને હવે આજથી તમામ વિદ્યાર્થીઓના જીવનમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે.'

સમારંભ દરમિયાન પીએમ મોદીએ વિવિધ સિદ્ધિઓ માટે મેડલ મેળવનારા વિદ્યાર્થીઓને દિલથી અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ તેમણે હળવી ટકોર કરતાં કહ્યું કે, 'જો મેડલ મેળવનારાઓમાં થોડી વધુ છોકરીઓ હોત તો વધુ સારું હોત. માત્ર એક કે બે જ કેમ? હજુ પણ વધુ હોવી જોઈતી હતી.'

# રાહુલ બોલ્યા રીલ ૨૧મી સદીનો નશો છેઃએક હજારમાંથી માત્ર ૧૨ યુવાનોને કાયમી નોકરી, સિસ્ટમ યુવાનોને ચક્રવ્યૂહમાં ફસાવી રહી છે

**સમય સંદેશઃ પ્રયાગરાજ**

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી પ્રયાગરાજમાં 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતમાં લગભગ ૪૦ કરોડ યુવાનો છે. આ જ દેશની સૌથી મોટી તાકાત છે. ચીનની ચર્ચા થાય છે, પરંતુ ભારતના યુવાનો સામે તેની તાકાત કંઈ નથી.

તેમણે આરોપ લગાવ્યો કે સિસ્ટમ યુવાનોને ચક્રવ્યૂહમાં ફસાવી રહી છે. પરિવારો પાસેથી લાખો કરોડો રૂપિયા લેવામાં આવે છે અને બદલામાં ઇઅ-ખઅ ની ડિગ્રી મળે છે, પરંતુ આ સર્ટિફિકેટ રોજગારની ગેરંટી આપતું નથી. રાહુલ સાથે પ્રિયંકા ગાંધીની પુત્રી મિરાયા વાડ્રા પણ છે.



રાહુલ શનિવારે બપોરે એરપોર્ટ પરથી સીધા સ્વરાજ ભવન પહોંચ્યા અને પાર્ટીના નેતાઓને મળ્યા. આ તે જગ્યા છે જ્યાં તેમની દાદી અને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીનો જન્મ થયો હતો. હવે તે એક સંગ્રહાલય છે. અહીં નેહરુ-ગાંધી પરિવાર અને સ્વતંત્રતા આંદોલનના ઇતિહાસ સાથે સંબંધિત વસ્તુઓ હાજર છે.

રાહુલનો કાર્યક્રમ પહેલા સાંજે ૬ વાગ્યે થવાનો હતો. પરંતુ, બાદમાં તેનો સમય બદલીને સાંજે ૭ વાગ્યે કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૨૩ જિલ્લાના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે કાર્યક્રમ માટે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રાહુલ ગાંધી બેરોજગારી, ગઊઊઝ પેપર લીક, ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ જેવા મુદ્દાઓને લઈને સરકારને ઘેરશે.

# આગામી ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

## અમદાવાદ-ગાંધીનગર સહિતના શહેરોમાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન ફૂકાશે; સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૬% વરસાદની ઘટ



**સમય સંદેશઃ અમદાવાદ**

આગામી ૩ દિવસ સુધી વરસાદી આગાહી છે ત્યારે ગુજરાતમાં ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મોન્સુન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સિસ્ટમ સક્રિય હોવાના કારણે આગામી ૩ દિવસ અમદાવાદ અને ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, આગામી સપ્તાહમાં ક્યાંય પણ અતિભારે વરસાદની શક્યતા નથી.


ચોમાસાની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો, અત્યાર સુધીમાં ગુજરાતમાં સામાન્ય રીતે ૪૪૧.૮ મિમી વરસાદ થવો જોઈએ, જેની સામે સરેરાશ ૪૮૧.૭ મિમી એટલે કે સામાન્ય કરતાં ૯ ટકા વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું વિતરણ અસમાન રહ્યું છે. ગુજરાત રિજનમાં સામાન્ય ૫૭૦ મિમીની સામે ૭૩૦ મિમી (૨૮ ટકા વધુ) વરસાદ થયો છે. જ્યારે બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં સામાન્ય ૩૩૯.૭ મિમીની સરખામણીએ ૨૫૦ મિમી જ વરસાદ નોંધાતાં હજુ પણ ૧૬ ટકા વરસાદની ઘટ છે.

# સુરતમાં મહિલા હોમગાર્ડે યુવક-યુવતીનો વીડિયો બનાવતા બઘડાટી બોલી

## યુવતીએ પૂછ્યું વીડિયો કેમ બનાવ્યો? હોમગાર્ડ બોલી- 'સોશિયલ મીડિયા પર મૂકવો છે એટલે'

**સમય સંદેશઃ સુરત**

સુરતમાં ફરજ બજાવી રહેલા મહિલા હોમગાર્ડે બાઈકસવાર યુવક-યુવતીનો વીડિયો બનાવતા જાહેરમાં બઘડાટી બોલી ગઈ. યુવક-યુવતીએ વીડિયો બનાવવાનું કારણ પૂછ્યું તો મહિલા હોમગાર્ડે કહ્યું- સોશિયલ મીડિયામાં મૂકવા માટે બનાવ્યો. ઉગ્ર બોલાચાલી બાદ મહિલા હોમગાર્ડ અને વાહનચાલક વચ્ચે ઝપાઝપી પણ થઈ. વીડિયો સોશિયલ



મીડિયામાં વાઈરલ થતા હોમગાર્ડ કમાન્ડન્ટે તપાસનો આદેશ આપ્યો છે.

સુરતના ખરવરનગર વિસ્તારમાંથી એક યુવક-યુવતી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તા પર ફરજ બજાવી રહેલા મહિલા હોમગાર્ડે મોબાઈલ વીડિયો બનાવતા હોબાળો સર્જાયો. યુવક-યુવતીએ પૂછ્યું કે, વીડિયો શા માટે ઉતારો છો?, તો મહિલા હોમગાર્ડે કહ્યું- સોશિયલ મીડિયામાં મૂકવા માટે.

યુવકે, મહિલા હોમગાર્ડ પાસે તેના ઈન્ચાર્જનો નંબર માગ્યો હતો. પરંતુ, મહિલા હોમગાર્ડે આપ્યો ન હતો. ઉગ્ર બોલાચાલી બાદ વાહનચાલક અને મહિલા હોમગાર્ડ વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો પણ સર્જાયા. આ સમયે જ અન્ય મહિલા હોમગાર્ડ જવાનો પણ ઘટનાસ્થળ પર દોડી આવ્યા અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો.

# પલસાણા પોલીસે ₹૨.૮૧ કરોડથી વધુનો દારૂ નાશ કર્યો

## બે મહિનામાં ૧૪ કેસોમાં જપ્ત વિદેશી દારૂ પર રોડ રોલર ફેરવાયું

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે, પલસાણા પોલીસે બે મહિનામાં ઝડપેલા ₹૨.૮૧ કરોડથી વધુના વિદેશી દારૂનો આજે ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો. ૧૪ વિવિધ કેસોમાં જપ્ત કરાયેલા દારૂના જથ્થા પર રોડ રોલર ફેરવીને કાયદેસર રીતે તેનો નિકાલ કરાયો હતો.



મળતી માહિતી મુજબ, ૨૫ માર્ચ ૨૦૨૬ થી ૨૦ મે ૨૦૨૬ દરમિયાન પલસાણા પોલીસ મથક વિસ્તારમાં વિદેશી દારૂ અને બિયરના કુલ ૧૪ ગુનાઓ નોંધાયા હતા. આ ગુનાઓમાં પોલીસે કુલ ૧,૨૬,૧૧૪ બોટલો કબ્જે કરી હતી, જેની અંદાજિત કિંમત ₹૨,૮૧,૧૬,૯૭૦ જેટલી થાય છે.

જપ્ત કરાયેલા આ મુદ્દામાલના નાશ માટે પલસાણા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર ભગવાનભાઈ ઝીલેરિયા દ્વારા પલસાણા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા મંજૂરી મળ્યા બાદ, આજે કીકવાડના જૂના રસ્તા પર નિયત સ્થળે દારૂના જથ્થાનો કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો.

# ઈન્ટેલિજન્સ વિંગના ઉત્તર અને દક્ષિણ કાશ્મીરના પાંચ જિલ્લામાં દરોડા

**સમય સંદેશઃ જમ્મુ**

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ હવે પહાડીઓમાંથી નીકળીને મોબાઈલ સ્ક્રીન સુધી પહોંચી રહ્યો છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીરે તેના મોટા મોડ્યુલનો ખુલાસો કર્યો છે. ઈન્ટેલિજન્સ વિંગે શનિવારે સવારે જ ઉત્તર અને દક્ષિણ કાશ્મીરના ૫ જિલ્લામાં દરોડા પાડ્યા. આરોપ છે કે ઓનલાઈન માધ્યમો દ્વારા આતંકવાદનું મહિમામંડન કરવામાં આવી રહ્યું હતું. યુવાનોનું બ્રેઈનવોશ કરીને તેમને કટ્ટરપંથ તરફ ધકેલવાનો પ્રયાસ થઈ રહ્યો હતો.

આ ઉપરાંત આતંકવાદીઓની ભરતીની પણ તૈયારી હતી. આ દરોડા આતંકવાદીઓના સ્લીપર સેલ અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સ વિશે જાણવા માટે પાડવામાં આવ્યા હતા. આ અભિયાન હેઠળ બારામુલા, શોપિયાં, અનંતનાગ, કુપવાડા અને બાંદીપોરામાં દરોડા પાડવામાં આવ્યા. દરોડાની આ કાર્યવાહી એક FIR હેઠળ કરવામાં આવી છે, જેમાં આતંકવાદ ફેલાવવા, યુવાનોને કટ્ટરતા તરફ ધકેલવા અને તેમને આતંકવાદી તાલીમ માટે ભરતી કરવાના આરોપોમાં કેસ નોંધવામાં આવ્યો છે.

અધિકારીઓનું કહેવું છે કે FIRમાં નોંધાયેલું છે કે આ લોકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને આતંકવાદને ગ્લોરિફાય કરી રહ્યા હતા. આ ઉપરાંત યુવાનોને આતંકવાદી સંગઠન સાથે જોડાવા માટે લલચાવવામાં આવી રહ્યા હતા. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે તાજેતરમાં ટાર્ગેટ કિલિંગની ઘટનાઓ બાદ કાર્યવાહી તેજ થઈ છે. તેમની ઘટનાઓ બાદથી પોલીસ અત્યાર સુધી સમગ્ર કાશ્મીર ઘાટીમાં લગભગ ૫૦૦૦ લોકોની પૂછપરછ કરી ચૂકી છે.

આ લોકોની પૂછપરછ દરમિયાન જ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓના સ્લીપર મોડ અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સ સક્રિય હોવાની માહિતી મળી હતી. આ જ આધારે કાર્યવાહી તેજ થઈ છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીરે સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે મળીને સર્ચ કર્યું છે. આ કાર્યવાહી હેઠળ કુપવાડાના બાબર ડારના ઘરે દરોડા પાડવામાં આવ્યા. તેના પર આરોપ છે કે તેણે સિમ કાર્ડનો ખોટો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર ખોટો નેરેટિવ ફેલાવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી..

### હવે 'એફસીઆએ' ઉપર નજર !

કેન્દ્ર સરકાર વિદેશી ભંડોળ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ફોરેન કોન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ, એટલે કે એફસીઆરએને વધુ કડક બનાવવાની તૈયારી કરી રહી છે. સૂચિત સુધારા પ્રમાણે કોઈ સંસ્થાનું રજિસ્ટ્રેશન રદ થાય, તે રિન્યૂ ન થાય અથવા સંસ્થા સ્વેચ્છાએ રજિસ્ટ્રેશન પરત કરે તો તેની પાસે રહેલું વિદેશી ભંડોળ અને તેમાંથી ઊભી થયેલી સંપત્તિ નિયુક્ત સત્તામંડળના કબજામાં જઈ શકે છે. સરકારને આવી સંપત્તિનો ઉપયોગ, હસ્તાંતરણ કે વેચાણ કરવાની સત્તા આપવાની જોગવાઈ પણ વિચારાધીન છે. ભારત જેવા વિશાળ અને સંવેદનશીલ દેશમાં વિદેશથી આવતા નાણાં પર દેખરેખ હોવી જ જોઈએ. સેવાકાર્ય, શિક્ષણ, આરોગ્ય કે માનવાધિકારના નામે આવતું ભંડોળ ધર્માંતરણ, રાજકીય હસ્તક્ષેપ, હિંસા, અલગતાવાદ કે રાષ્ટ્રીય હિતને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિમાં વપરાય તો સરકાર મૂક પ્રેક્ષક બની શકે નહીં. નાણાં ક્યાંથી આવ્યાં, કોણે આપ્યાં, કયા હેતુ માટે વપરાયાં અને તેના વાસ્તવિક લાભાર્થી કોણ છે તેની સંપૂર્ણ પારદર્શિતા અનિવાર્ય છે. વિદેશી સહાય મેળવવી કોઈ સંસ્થાનો નિરપેક્ષ અધિકાર નથી. પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાના નામે અમર્યાદિત અને મનસ્વી સત્તા પણ આપી શકાય નહીં. સૂચિત જોગવાઈઓમાં સૌથી વધુ ચિંતા રજિસ્ટ્રેશન રદ થતાં જ સંસ્થાની સંપત્તિ સરકારના નિયંત્રણમાં જવાની છે. રજિસ્ટ્રેશન રદ કરવાનો નિર્ણય પણ સરકાર લે અને ત્યાર પછી સંપત્તિનો કબજો પણ સરકાર જ મેળવે, તો સત્તાના દુરૂપયોગની પૂરી શક્યતા રહે છે. આવી કાર્યવાહી પહેલાં સ્વતંત્ર તપાસ, સંસ્થાને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરતી તક અને ઝડપી ન્યાયિક સમીક્ષાની વ્યવસ્થા અનિવાર્ય હોવી જોઈએ. આ સાવધાની એટલા માટે વધુ જરૂરી છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક જાણીતી એનજીઓનાં એફસીઆરએ રજિસ્ટ્રેશન રદ, સ્થગિત કે રિન્યૂ ન કરવાના નિર્ણયો વિવાદાસ્પદ બન્યા છે. સરકારે આ કાર્યવાહી નિયમભંગના આધારે કરી હોવાનું જણાવ્યું, પરંતુ અનેક સંગઠનોએ એવો આક્ષેપ કર્યો કે પર્યાવરણ, માનવાધિકાર, લઘુમતી અધિકારો કે સરકારી નીતિઓ અંગે અસંમતિ વ્યક્ત કરવાને કારણે તેમને નિશાન બનાવવામાં આવ્યાં. ૨૦૨૪માં પણ ગૃહ મંત્રાલયે પાંચ સામાજિક અને ધાર્મિક સંગઠનોનાં રજિસ્ટ્રેશન રદ કર્યાં હતાં. નવા નિયમો નાગરિક સમાજ પર સરકારનું નિયંત્રણ વધુ મજબૂત બનાવશે એવી માનવાધિકાર સંગઠનોની ચિંતા પણ સામે આવી છે. લોકશાહીમાં સરકારની ટીકા કરવી રાષ્ટ્રવિરોધ નથી.

# ખંભાળીયામાં હર ઘર તિરંગા અભિયાન આયોજન સંદર્ભે ખાસ બેઠક

## જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા બુધવારે ખંભાળિયાની પ્રાંત કચેરી ખાતે યોજાશેઃ શુક્રવારે ખંભાળિયાના ટાઉનહોલમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ઉજવાશે

**સમય સંદેશઃ દ્વારકા**

સમગ્ર રાજ્યની સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન તથા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે જેના આયોજન સંદર્ભે ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં તેમજ પોલીસ વડા જયરાજસિંહ વાળાની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજાઈ હતી.

જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર કાર્યક્રમ સંદર્ભે જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૭ થી ૧૭ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવશે. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા તથા કોન્સર્ટ બુધવારના રોજ સવારે ૮ વાગ્યાથી ખંભાળિયાની પ્રાંત કચેરીથી શરૂ થઈ જી.વી.જે. હાઈસ્કુલ, નગર ગેઈટ, મહાપ્રભુજી બેઠક રોડ થઈને પ્રાંત કચેરી ખાતે સંપન્ન થશે.

આ સાથે તમામ તાલુકા કક્ષાએ







તિરંગા યાત્રા યોજાશે. જેમાં ભાણવડ તાલુકા તથા નગરપાલિકા કક્ષાની સંયુકત તિરંગા યાત્રા તા. ૧૩ ના રોજ સવારે ૮ વાગ્યે બસ સ્ટેન્ડથી મામલતદાર કચેરી સુધી, દ્વારકા તાલુકા તથા નગરપાલિકા સંયુકત તિરંગા યાત્રા તા. ૧૨ના રોજ સવારે ૮ વાગ્યે કિર્તી સ્તંભથી દ્વારકાધીશ મંદિર સુધી, કલ્યાણપુરમાં બુધવારે સવારે ૮ વાગ્યે તાલુકા પંચાયતથી પ્રાથમિક શાળા સુધી, રાવલમાં ગુરુવારે સવારે ૮ વાગ્યે એચ.જી.એલ. હાઇસ્કુલથી નગરપાલિકા ઓફિસ સુધી, ઓખા નગરપાલિકા કક્ષા તિરંગા યાત્રા તા. ૧૪ ના રોજ સવારે ૮ વાગ્યે રેલ્વે સ્ટેશનથી બસ સ્ટેશન સુધી અને સલાયા નગરપાલિકા કક્ષાની તિરંગા યાત્રા તા. ૧૩ ના રોજ સવારે ૮ વાગ્યે નગરપાલિકા ઓફિસથી શોપિંગ સેન્ટર સુધી યોજાશે.

વધુમાં જિલ્લામાં યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં વંદે માતરમના અધિકૃત સ્વરૂપનું સામુહિક ગાન કરવામાં આવશે. જિલ્લાના તમામ ગ્રામ્ય કક્ષા તેમજ શાળા તથા કોલેજોમાં તા. ૯ થી ૧૭ દરમિયાન તિરંગા રેલીનું આયોજન કરવામાં આવશે. શાળા અને કોલેજોમાં વંદે માતરમ, રાષ્ટ્ર પ્રેમ, રાષ્ટ્રીય એક્તા અને સ્વાતંત્ર્ય સંગ્રામ આધારીત વકતૃત્વ, ચિત્ર તથા રંગોળી સ્પર્ધાઓ યોજાશે. જિલ્લાની સરકારી કચેરીઓને લાઇટીંગથી સુશોભીત કરવામાં આવશે. જિલ્લાના નાગરીકો ડિજીટલ અભિયાન અંતર્ગત તિરંગા સાથે સેલ્ફિ લઇને . વેબ સાઇટ પર અપલોડ કરી શકશે.

વધુમાં જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે, ભારતના વિભાજન દરમિયાન લાખો લોકોએ સહન કરેલી પીડા, હિંસા, આઘાત, સ્થળાંતર અને બલિદાનનું સ્મરણ તથા વિભાજનની કરુણ હકીકતો અંગે ખાસ કરીને યુવા પેઢી માહિતગાર થાય તેમજ વિભાજનથી અસરગ્રસ્ત પરિવારોના સંઘર્ષ, ધૈર્ય અને બલિદાનને શ્રધાંજલિ આપવા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી ભાગરૂપે તા. ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યે ખંભાળિયાના ટાઉનહોલ ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવશે. તા. ૧૩ અને ૧૪ ના રોજ ભારતના વિભાજનની ઐતિહાસિક ઘટનાઓ, સ્થળાંતર અને સંઘર્ષની ગાથાઓને રજૂ કરતું પ્રદશન પ્રદર્શન યોજાશે. તા. ૧૫ સપ્ટેમ્બર સુધી જિલ્લાની શાળા તથા કોલેજોમાં ઓનલાઈન કિવઝ યોજાશે. જેમાં ભાગ લેવા કલેકટર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આગામી તા. ૯ થી ૧૭ દરમ્યાન સમગ્ર રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. આ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર વિવિધ કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટર દ્વારા હર ઘર તિરંગા અંતર્ગત ગ્રામ્ય, તાલુકા અને નગરપાલિકા તેમજ જિલ્લા કક્ષાએ થનાર તિરંગા યાત્રાના આયોજન અંગેની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યાં હતાં અને સ્થાનિક નાગરિકો તેમજ શાળા કોલેજોના વિદ્યાર્થીઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. વધુમાં તિરંગા કોન્સર્ટ, વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ, કોલેજોમાં વિવિધ એક્ટિવિટીઝના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ડી.વાય.એસ.પી. મિત રુદ્લાલ, પ્રાંત અધિકારી કે.કે. કરમટા, નાયબ કલેકટર રિદ્ધિબેન રાજ્યગુરુ, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલિયા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

# જામનગર-દેવભૂમિ દ્વારકા સહિત રાજ્યના ન્યાયતંત્રમાં બઢતી-બદલીનો દોર

## જામનગરના નવા ડીસ્ટ્રીક્ટ જજ તરીકે વડોદરાના વિકુલ પાઠકની નિમણુંકઃ નેહલ જોષીની બનાસકાંઠા (પાલનપુર) ખાતે બદલી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યના જ્યુડિશિયલ ઓફિસરોની બદલી, બઢતીના આદેશો જારી કરવામાં આવ્યા છે. જે અંતર્ગત જામનગર અને દેવભૂમિ દ્વારકા (ખંભાળીયા) જિલ્લાના કટોકટીપૂર્ણ ન્યાયિક પદો પર પણ મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.રાજ્યમાં ૬૭ ડિસ્ટ્રીક,૬૩ સિવિલ અને ૨૬ સિનિયર સિવિલ જજની બદલી બઢતી કરાઈ છે.

જામનગરના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ નેહલભાઈ જોશીની બદલી બનાસકાંઠા (પાલનપુર) ખાતે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે કરવામાં આવી છે. તેમની જગ્યાએ વડોદરાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ વિકુલ પાઠકની જામનગરના નવા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

આ ઉપરાંત જામનગરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ આર.પી. મોગેરાને પ્રમોશન આપીને દેવભૂમિ દ્વારકા (ખંભાળીયા) ખાતે ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ તરીકે મૂકવાની ભલામણ કરાઈ છે.

જામનગરમાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રકુમાર પરમારને બઢતી આપીને જામનગર ખાતે જ ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ બનાવવામાં આવ્યા છે. તેમજ અગાઉ અમદાવાદ ખાતે ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપતા રઘુવીરસિંહ ઝાલાને બઢતી સાથે જામનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરાયા છે. જામનગરના ચીફ જ્યુડી. મેજી. એન્ડ સિનીયર સીવીલ જજ ભદ્રેશ ગાંધીનું રાજકોટમાં પ્રમોશન સાથે ૧૬માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ તરીકે બદલી કરવામાં આવી છે.

બીજી તરફ, દેવભૂમિ દ્વારકા (ખંભાળીયા) જિલ્લામાં તાપી (વ્યારા) ના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તેજસકુમાર દેસાઈની બદલી કરીને તેમને દેવભૂમિ દ્વારકા (ખંભાળીયા) ના નવા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તરીકે મૂકવામાં આવ્યા છે. ખંભાળીયા ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ ગીતાબેન આહીરની બદલી ખેડબ્રહ્મા ખાતે ફેમિલી કોર્ટના જજ તરીકે થઈ છે.

દેવભૂમિ દ્વારકા (ખંભાળીયા) ના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ જનકકુમાર સોલંકીને પ્રમોશન આપીને આણંદ ખાતે પાંચમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બદલી કરવામાં આવી છે.

તદ્ઉપરાંત જામનગરમાં જજની આંતરિક બદલીઓ પણ કરવામાં આવી છે. જેમાં જામનગરના બીજા એડી. ડીસ્ટ્રીક્ટ જજ વિજય અગ્રવાલને એડી. ડીસ્ટ્રીક્ટ જજ બનાવવામાં આવ્યા છે. તેમજ ત્રીજા એડી. ડીસ્ટ્રીક્ટ જજ રસિકકુમાર મંદાણીને બીજા એડી. ડીસ્ટ્રીક્ટ જજ બનાવવામાં આવ્યા છે. હાઇકોર્ટના આ આદેશો અનુસાર તમામ ન્યાયિક અધિકારીઓ ૧૭ ઓગસ્ટ ૨૦૨૬થી પોતપોતાનો નવો હોદ્દો સંભાળશે.

# ધ્રોલના ઐતિહાસિક ભૂચરમોરી ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

## કાર્યક્રમના અધ્યક્ષસ્થાને વન અને પર્યાવરણ મંત્રી અર્જૂન મોઢવાડીયા ઉપસ્થીત રહેશેઃ પુર્વ તૈયારી અંગે યોજાયેલી સમીક્ષા બેઠકમાં સુચારૂ આયોજન કરવા કલેકટરે સુચના આપી

જામનગરઃ આગામી ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા સ્થિત ઐતિહાસિક ભૂચરમોરી ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જૂનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વ 'સ્વાતંત્ર્ય દિન'ની ભવ્ય અને ગૌરવપૂર્ણ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીને યાદગાર, સુચારુ અને શિસ્તબદ્ધ બનાવવાના હેતુથી જિલ્લા કલેકટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે સંબંધિત વિભાગોના અધિકારીઓની પૂર્વ તૈયારીઓ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી.




આ બેઠકમાં કલેક્ટર પી.બી.પંડ્યાએ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સંદર્ભે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવનાર કામગીરીની વિભાગવાર ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે કાર્યક્રમ સ્થળે નાગરિકો તથા મહાનુભાવો માટે બેઠક વ્યવસ્થા, અવિરત વીજ પુરવઠો, શુદ્ધ પીવાના પાણીની સુવિધા, શ્રેષ્ઠ સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિર્માણ, કાર્યક્રમ સ્થળે વૃક્ષારોપણ, વાહન પાર્કિંગ, તમામ સરકારી કચેરીઓ પર રોશની, સમગ્ર પરિસરમાં સ્વચ્છતા, તેમજ ઈમરજન્સી આરોગ્ય સેવાઓ અને મેડિકલ ટીમની ઉપલબ્ધતા સહિતની તમામ આવશ્યક વ્યવસ્થાઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.

જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રાષ્ટ્રીય ગૌરવને અનુરૂપ ભવ્યતા, ગરિમા અને શિસ્ત સાથે યોજાય તે અત્યંત જરૂરી છે. આ માટે તમામ સરકારી વિભાગોએ પરસ્પર ઉત્તમ સંકલન સાધીને પોતાની ફરજોનું સુચારુ વહન કરવું અને દરેક પૂર્વ તૈયારી સમયસર પૂર્ણ કરવી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી સહિત જિલ્લાના વિવિધ અમલીકરણ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કામગીરીની રૂપરેખા રજૂ કરી હતી.

# જામનગરનાં ઔદ્યોગિક એકમો શ્રાવણ માસ દરમ્યાન સોમવારે બંધ શુક્રવારે ચાલુ

જામનગરઃ ૧૩ ઓગસ્ટથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઇ રહ્યો છે, ભોળાનાથના ભકતો સેવા પુજા કરી શકે તેવા શુભ હેતુસર દર વર્ષની માફક જામનગરના ઔદ્યોગિક એકમો શ્રાવણ માસ દરમ્યાન શુક્રવારે ચાલુ રહેશે અને સોમવારે બંધ રહેશે.

જામનગર ફેકટરી ઓનર્સ એસો.નાં નિશિત આચાર્ય, આસી. મેનેજર દ્વારા અખબાર યાદીમાં જણાવ્યા અનુસાર તા.૧૪-૮, ૨૧-૮, ૨૮-૮ અને ૪-૯-૨૬આ ચાર શુક્રવાર ઔદ્યોગિક એકમો ચાલુ રહેશે જયારે તા.૧૭-૮, ૨૪-૮,૩૧-૮ અને ૭-૯-૨૬ના રોજ ઔદ્યોગિક એકમો બંધ રહેશે.

# જામનગર શહેરમાં પાણી બચાવવા નિઃશુલ્ક પ્લમ્બીંગનું અનોખું અભિયાન

## રોટરી કલબ ઓફ ઈમેજીકા દ્વારા જનજાગૃતિ લાવવા નવતર પહેલ

જામનગરઃ જામનગરમાં સંભવીત જળસંકટ અને પાણીના દરેક ટીપાનું મહત્વ સમજાવતા રોટરી ક્લબ ઓફ ઈમેજિકા દ્વારા શહેરમાં પાણી બચાવો જામનગર બચાવો ભવિષ્ય બચાવો અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ શહેરના નાગરિકોને ટપકતા નળ, પાણીના લીકેજ અને અન્ય નાની પ્લમ્બિંગ સમસ્યાઓ માટે એક મહિના સુધી નિઃશુલ્ક પ્લમ્બિંગ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ અભિયાનનો હેતુ માત્ર પ્લમ્બિંગ સેવા પૂરી પાડવાનો નથી, પરંતુ પાણીના બગાડને અટકાવીને સમાજમાં પાણી બચાવવાની જાગૃતિ ફેલાવવાનો છે. રોટરી કલબે જામનગરમાં અંદાજિત ૧૯ લાખ લિટર પાણી બચાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ નિઃશુલ્ક સેવા તા. ૮ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ઉપલબ્ધ રહેશે. સેવા માટે સંપર્ક કર્યા બાદ ૨૪ કલાકની અંદર પ્લમ્બર સ્થળ પર પહોંચી જરૂરી કામગીરી કરશે. રોટરી કલબ ઓફ ઈમેજિકાના પ્રોજેક્ટ ચેરમેન રોટેરિયન મહેન્દ્ર જોગલએ જણાવ્યું હતું કે, ઘરોમાં ટપકતા નળ અથવા નાના લીકેજના કારણે દરરોજ હજારો લિટર પાણીનો બગાડ થાય છે. સમયસર તેની મરામત કરાવીને પાણીની મોટી બચત શક્ય બને છે. આ અભિયાનમાં શહેરના નાગરિકો વધુમાં વધુ જોડાય અને પાણી બચાવવાના સંકલ્પમાં સહભાગી બનવા અનુરોધ કરાયો છે. નિઃશુલ્ક પ્લમ્બિંગ સેવાનો લાભ લેવા માટે મોબાઇલ નંબર ૯૯૨૪૪ ૭૫૦૨૪ અથવા ૯૭૧૨૭ ૫૩૯૫૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# જામનગર શહેરમાં આગામી ગુરૂવારે સર્વરોગ નિદાન કેમ્પ

જામનગરઃ બસ્વ.વનીતાબેન વિશ્વનાથ ત્રિવેદી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નટુભાઇ ત્રિવેદી દ્વારા નેત્રયટ, દંતયજ્ઞ, કાન અને સર્વરોગ નિદાન અને સારવારના કેમ્પનું આયોજન

આ કેમ્પમાં આંખના મોતિયાના ઓપરેશનના દર્દીને તપાસ કેમ્પ પુરો થયે રાજકોટ હોસ્પિટલમાં લઇ જવામાં આવશે. જયાં મફતમાં આંખમાં નેત્રમણી બેસાડી નવી દ્રષ્ટિ વિનામુલ્યે આપવામાં આવશે અન્ય દર્દીને દવા, ટીપા ચશ્મા વિગેરે આપવામાં આવશે. કેમ્પ તા.૧૩-૮-૨૬ ગુરુવાર મુખ્ય સ્વામીનારાયણ મંદિર, ખાદી ભંડાર સામે સવારે ૯ થી ૧૨ કરવામાં આવેલ છે. દંતયજ્ઞમાં દાંતના નિષ્ણાંત ડોકટર રશેશ ઓઝા અને ડો. નિરાલી દવે ઓઝા દ્વારા તપાસ કરી સારવાર આપશે. ડો. હિરાબેન જોશી સર્વરોગ માટે દર્દીને તપાસી દવાઓ મફતમાં આપવામાં આવશે. નિલકમલ પ્રકાશ કામલોતર કાન અંગેની તકલીફ અંગે સેવાઓ આપશે. સ્વ. હેમતભાઇ રામભાઇ માડમ મેમોરીયલ ટ્રસ્ટના પ્રમુખ પુનમબેન માડમ સાંસદના સહયોગથી આ કેમ્પ યોજવામાં આવેલ છે.

# શિક્ષણ સમિતિની શાળાઓમાં ૨ દિ'માં ૫૦૧ બાળકોનો પુનઃ પ્રવેશ

## ગુજરાતના વિકાસમાં ગુણવત્તાસભર શિક્ષણનું મહત્વપૂર્ણ યોગદાનઃ શિક્ષણ રાજય મંત્રી રિવાબા જાડેજા

**સમય સંદેશઃ જામનગર**

શિક્ષણ રાજયમંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને જામનગર શહેરના દિગ્જામ સર્કલ, શાળા નં-૩૧ ખાતે સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળામાં પુનઃપ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા આ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મંત્રી જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સમરસ વિદ્યા સેતુ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત જામનગર જિલ્લામાં શાળાથી વંચિત, ડ્રોપઆઉટ તેમજ રિફ્યુઝલ થયેલા બાળકોને પુનઃ





શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે એક માસીય વિશેષ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ જિલ્લાના દરેક બાળક સુધી શિક્ષણનો અધિકાર પહોંચે તથા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે. શાળા પ્રવેશોત્સવ અને પુનઃ પ્રવેશોત્સવની શ્રેણીમાં હાથ ધરાયેલા આ અભિયાન અંતર્ગત જિલ્લામાં બાળકોને પુનઃ શાળામાં દાખલ કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાથી વંચિત રહેલા તેમજ વિવિધ કારણોસર અભ્યાસ છોડનારા બાળકોને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે. આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગ, જિલ્લા તંત્ર તથા નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વ્યાપક સ્તરે સંપર્ક અને પ્રેરણાત્મક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કાર્યક્રમ અંતર્ગત જામનગર શહેરની શાળાઓમાં બે દિવસમાં કુલ ૫૦૧ વિદ્યાર્થીઓએ પુનઃપ્રવેશ મેળવી શિક્ષણની નવી શરૂઆત કરી છે.

કાર્યક્રમમાં મેયર મોનિકા વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, સાશક પક્ષના નેતા અમર મોદી, નગર પ્રાથમિક શિક્ષક સંઘના ચેરમેન પરષોત્તમ કકનાણી, સાશનાધિકારી ફાલ્ગુની પટેલ, ચંદ્રકાંત ખાખરિયા, કોર્પોરેટરો, શાળાના શિક્ષકો, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# અલિયાબાડા-જામનગર વચ્ચે નવી બ્રોડગેજ લાઇન ઉપર ૧૨૩ની સ્પીડે દોડી ટ્રેન

## બ્રોડગેજ ડબલિંગ રેલખંડ પર પેસેન્જર રેલ સેવાઓને મંજૂરીઃ રેલ્વે સુરક્ષા કમિશ્નર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું

જામનગર: રેલવે સેફ્ટી કમિશનર (પશ્ચિમ પરિમંડળ) ઈ. શ્રીનિવાસે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અંતર્ગત આલિયાવાડાજામનગર બ્રોડગેજ ડબલિંગ રેલખંડ પર પેસેન્જર રેલ સેવાઓના સંચાલનને સંરક્ષા મંજૂરી પ્રદાન કરી દીધી છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, રેલવે સુરક્ષા કમિશનર દ્વારા આ ડબલિંગ રેલખંડનું ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિસ્તૃત વૈધાનિક સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આલિયાવાડાજામનગર નવનિર્મિત બીજી રેલ લાઇન પર પહેલીવાર ૧૨૩ કિમી/કલાકની ઝડપે ઇલેક્ટ્રિક લોકોમોટિવ










(એન્જિન) અને ઓબ્ઝર્વેશન કાર સાથે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવ્યો, જે સુરક્ષિત અને ઝડપી રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રાજકોટ કાનાલુસ બ્રોડગેજ ડબલિંગ પ્રોજેક્ટ અંતર્ગત આલિયાવાડાજામનગર ૧૯.૫૩૭ કિમી લાંબા બ્રોડગેજ ડબલિંગ રેલખંડનું ૦૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક કમિશનિંગ કરવામાં આવ્યું. આ ઉપલબ્ધિ સાથે જ કુલ ૧૧૧ કિમી લાંબા રાજકોટકાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટમાં અત્યાર સુધી ૮૪ કિમી રેલખંડનું ડબલિંગ કાર્ય કમિશન થઈ ચૂક્યું છે.

આ દરમિયાન મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) પ્રદીપ ગુપ્તા, રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના સહિત નિર્માણ અને ઓપન લાઇન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિરીક્ષણ, રેલવે પ્રશાસન દ્વારા રજૂ કરાયેલા સુરક્ષા પ્રમાણપત્રો અને રેલવે અધિનિયમ, ૧૯૮૯ની જોગવાઈઓ મુજબ તમામ આવશ્યક ઔપચારિકતાઓ સંતોષકારક મળી આવ્યા બાદ રેલવે સુરક્ષા કમિશનરે આ ડબલિંગ રેલખંડ પર જાહેર પેસેન્જર સેવાઓના સંચાલનની પરવાનગી આપી છે.

મંજૂરી અનુસાર નવનિર્મિત રેલલાઇન પર ટ્રેનોની મહત્તમ સેક્શનલ સ્પીડ અલિયાબાડા હાપા રેલખંડ પર ૧૦૦ કિમી/કલાક અને હાપાજામનગર રેલખંડની નવી ડાઉન તેમજ અપ મેઇન લાઇન પર ૯૦ કિમી/કલાક નિર્ધારિત કરવામાં આવી છે. આ ડબલિંગ કાર્યથી રાજકોટજામનગરકાનાલુસ માર્ગની લાઇન ક્ષમતામાં વધારો થશે અને ટ્રેનોના વધુ સરળ અને કાર્યક્ષમ સંચાલનમાં મદદ મળશે. આ સાથે જ આ મહત્વપૂર્ણ રેલમાર્ગ પર ભવિષ્યમાં ટ્રાફિકની વધતી માંગને પૂરી કરવા તેમજ પરિચાલન દક્ષતા અને વિશ્વસનીયતામાં સુધારો કરવામાં પણ મહત્વપૂર્ણ લાભ થશે.

# દેવભૂમિ દ્વારકાના રાણેશ્વર ફાટક પાસેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ

## રૂ. ૧૮,૦૦૦નો મુદ્દામાલ જપ્તઃ બે આરોપીઓ ફરાર

દ્વારકા: પ્રોહીબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ દ્વારકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે સફળ રેડ કરીને રાણેશ્વર ફાટક પાસેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી પાડી છે.

પોલીસ પેટ્રોલીંગ દરમિયાન એ.એસ.આઈ. રાણાભાઈ રણમલભાઈ વાઘેલા અને હરપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલાને મળેલ સંયુક્ત ચોક્કસ બાતમીના આધારે રાણેશ્વર ફાટક પાસે આવેલ ઝૂંપડાઓમાં દરોડો પાડવામાં આવ્યો હતો. રેડ દરમિયાન પ્રથમ આરોપી હાજરાજ ભોજશીભાઈ સુમાતના ઝૂંપડામાંથી ૫૦ લીટર દેશી દારૂ (રૂા. ૧૦,૦૦૦), ૨૦ લીટર બળેલ આથો ( રૂા. ૫૦૦), ૨૦૦ લીટર કાચો આથો (કિંમત રૂા. ૫,૦૦૦) અને ત્રણ ટીનની ટોપડીઓ મળીને કુલ રૂા. ૧૫,૫૦૦નો મુદ્દામાલ ઝડપાયો હતો. જ્યારે બીજા આરોપી રત્નાભાઈ ભોજશીભાઈ સુમાતના ઝૂંપડામાંથી ૧૦૦ લીટર કાચો આથો (કિંમત રૂા. ૨,૫૦૦) મળી આવ્યો હતો.




પોલીસે બંને ઝૂંપડામાંથી મળીને કુલ રૂા. ૧૮,૦૦૦ની કિંમતનો પ્રોહીબિશન મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં બંને આરોપીઓ (હાજરાજ ભોજશીભાઈ સુમાત અને રત્નાભાઈ ભોજશીભાઈ સુમાત) ફરાર જાહેર થયા છે. આ અંગે એ.એસ.આઈ. હરપાલસિંહ ઝાલાની ફરિયાદના આધારે દ્વારકા પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# દેવભૂમિની જનતાને રાહતઃ તમામ મોટા જળ સ્ત્રોતોને સૌની યોજનાથી ભરવામાં આવશે

## સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મુળુભાઈ બેરા, પબુભા માણેક સહિતના આગેવાનોની રજૂઆતોને મળી સફળતા

ખંભાળીયા: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે ચોમાસુ તદ્દન નબળું રહ્યું છે અને પાક પાણીની પરિસ્થિતિ ખૂબ જ વિકટ જોવા મળી રહી છે. આ વચ્ચે જિલ્લાના તમામ જળ સ્ત્રોતો મહદ અંશે ખાલી હોય, મોટા ડેમોને સૌની યોજનાથી ભરી દેવા માટે આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવેલી રજૂઆતોને સફળતા સાંપળી છે અને આગામી દિવસોમાં અહીંના જળાશયોને ભરવાની પ્રક્રિયા હાથ વધારવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યમાં સૌથી ઓછો અને ઐતિહાસિક કહી શકાય તેટલો અપૂરતો વરસાદ આ વર્ષે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસ્યો છે. જિલ્લામાં કુલ સરેરાશ વરસાદ આશરે માત્ર બે ઈંચ જેટલો જ વરસતા અહીંના નાના-મોટા જળાશયો તળિયા ઝાટક









બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં ખાસ કરીને ધરતીપુત્રો તેમજ નગરજનોને જરૂરિયાત મુજબનું પાણી બિલકુલ ના હોય, આ સંજોગોમાં આ વિસ્તારની જનતાને રાહત બની રહે તે હેતુથી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરા, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆતો કરવામાં આવી હતી.

જેમાં મહત્વના એવા ખંભાળિયાના ઘી ડેમ, સિંહણ ડેમ, કલ્યાણપુરના સાની ડેમ, વિગેરેને સૌની યોજનાથી નર્મદાના પાણીથી ભરવાની માંગણી કરવામાં આવી હતી. આને અનુલક્ષીને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા હકારાત્મક અભિગમ અપનાવીને દેવભૂમિ દ્વારકા જિલ્લાને સૌની યોજનાથી પાણી મળી રહે તે માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. જે અંગેની પ્રક્રિયા આગામી દિવસોમાં શરૂ થનાર છે અને ટૂંક સમયમાં જિલ્લાના જળાશયો નર્મદાના પાણીથી ભરવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

આનાથી ખેડૂતોને સિંચાઈ માટે તેમજ નગરજનો તથા ગ્રામજનોને પીવાના પાણી માટે રાહત બની રહેશે. આ નિર્ણયથી જિલ્લાની જનતાએ તેમજ ખાસ કરીને ધરતીપુત્રોએ સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યો મુળુભાઈ બેરા, અને પબુભા માણેકનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## ત્રિદિવસીય કાર્યક્રમમાં કાર્યકર્તાઓને વૈચારિક, સંગઠનાત્મક અને વ્યાવહારિક દ્રષ્ટિએ સક્ષમ બનાવવા માટે માર્ગદર્શન અને તાલીમ અપાશે

# જામનગરમાં ભાજપ દ્વારા પ્રશિક્ષણ મહાઅભિયાન કાર્યક્રમનો પ્રારંભ

## ભાજપના વરિષ્ટ નેતાઓ અને વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ સત્રો લેવામાં આવશે





જામનગરઃ ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા 'પંડિત દીનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન' કાર્યક્રમ શરુ થયો. ત્રણ દિવસીય આ કાર્યક્રમ માં કાર્યકર્તાઓને વૈચારિક, સંગઠનાત્મક અને વ્યાવહારિક દ્રષ્ટિએ સક્ષમ બનાવવા માટેનો એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે. જિલ્લા સ્તરના પ્રશિક્ષણ વર્ગમાં - સમયાવધિ અને સ્વરૂપ - દિવસીય નિવાસી વર્ગઃ જિલ્લા સ્તરનો આ પ્રશિક્ષણ વર્ગ સામાન્ય રીતે ૨ દિવસ (રાત રોકાણ સાથે) માટે આયોજિત કરવામાં આવે છે.આ વર્ગમાં ભાગ લેનાર તમામ કાર્યકર્તાઓને ૨ દિવસ સુધી સ્થળ પર જ રહીને તમામ સત્રોમાં હાજરી આપવાની હોય છે.- મુખ્ય હેતુઓ વૈચારિક સ્પષ્ટતાઃ કાર્યકર્તાઓને પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના એકાત્મ માનવવાદ અને અંત્યોદય (સમાજના છેલ્લા વ્યકિત સુધી વિકાસ પહોંચાડવો)ના સિદ્ધાંતોથી અવગત કરાવવા. સંગઠનાત્મક શિસ્તઃ પાર્ટીનો ઇતિહાસ, કાર્યપદ્ધતિ, શિસ્ત અને સંગઠનની રચનાત્મક બાબતો સમજાવવી.સરકારી યોજનાઓનો પ્રચારઃ કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી નીતિઓ તથા સિદ્ધિઓને જન-જન સુધી પહોંચાડવા માટે કાર્યકર્તાઓને સજ્જ કરવાનો છે.

જિલ્લા સ્તરના શહેર / જિલ્લા ભાજપ કારોબારીના સભ્યો અને હોદ્દેદારો.જિલ્લાના વિવિધ મોરચા (યુવા મોરચો, મહિલા મોરચો, કિસાન મોરચો વગેરે)ના પ્રમુખ અને મહામંત્રી.તમામ મંડળ (તાલુકા/શહેર)ના પ્રમુખો અને વરિષ્ઠ પ્રતિનિધિઓ ભાગ લ્યે છે. જામનગર શહેર ભાજપ દ્વારા લાખાબાવળ ખાતે આવેલ ન્યુ લાઈફ વિલેજ ખાતે આયોજિત પંડિત દીનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન કાર્યક્રમમાં જુદા જુદા આગેવાનોને અલગ અલગ જવાબદારીઓ સોપવામાં આવી છે. પ્રદર્શનીના ઉદ્દઘાટનની સાથે કાર્યક્રમના ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવેલ. ૨ રાત અને ૩ દિવસ ચાલનાર આ પ્રશિક્ષણ કાર્યક્રમ માં શહેર સંગઠન, મોરચા સહીત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપરોક્ત વિષયો ઉપર પ્રશિક્ષણ મેળવશે. આ કાર્યક્રમ માં શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી મહામંત્રી ભાવેશ કાનાણી, વિજયસિંહ જેઠવા, મૃગેશ દવે, મંત્રી રીવાબા જાડેજા, સંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, પ્રભારી ધનસુખભાઇ ભેંડારી, કાર્યક્રમ ના વાલી હરેશભાઈ પણસારા, મેયર મોનિકાબેન વ્યાસ, સહીત અપેક્ષતિ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા છે. તેમ ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગ કન્વીનર ભાર્ગવ ઠાકરની યાદીમાં જણાવાયુ છે.

## સમાજસેવાની ત્રણ નવી પહેલ સાથે ગૌસેવાનો પણ સંદેશ : અનોખો ત્રિવેણી સંગમ

# જામનગરના હાપા સ્થિત જલારામ મંદીરે સાયબર સુરક્ષાનો સંદેશ






જામનગરઃ જામનગરના હાપા સ્થિત શ્રી જલારામ સેવા ટ્રસ્ટ સંચાલિત પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ ખાતે સાયબર સુરક્ષા, સમાજસેવા અને ગૌસેવાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. આયોજિત સાયબર સુરક્ષા સેમિનારમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી ઓનલાઈન ઠગાઈથી બચવા અંગે ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સમાજહિતની ત્રણ નવી યોજનાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જ્યારે અંતે ગૌશાળામાં ગૌમાતાનું પૂજન અને આરતી કરીને ગૌસેવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના સચિવ તથા એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ. એમ. શુક્લ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા અને તેમની ટીમે ઓનલાઈન ફ્રોડ, ડિજિટલ છેતરપિંડી, ઓટીપી, ક્યુઆર કોડ, ફેક લિંક અને સોશિયલ મીડિયાના દુરુપયોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે જ્ઞાતિ વૈવાહિક માહિતીથ યોજનાનું ઉદઘાટન એ. એમ. શુક્લના હસ્તે કરવામાં આવ્યું હતું. સર્વે જ્ઞાતિના યુવક-યુવતીઓને વિશ્વસનીય વૈવાહિક માહિતી મળી રહે તે હેતુથી આ પહેલ શરૂ કરવામાં આવી છે.

જલારામ જોબવર્ક માહિતી યોજનાનો પ્રારંભ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ યોજના દ્વારા રોજગાર ઇચ્છુક યુવક-યુવતીઓને વિવિધ નોકરી અને રોજગારીની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. તે જ રીતે મેડિકલ સાધન સહાય યોજનાથ નો પ્રારંભ પી.એલ.વી. ટીમના કોઓર્ડિનેટર ઉપાસનાબેન ઠક્કરના હસ્તે કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ જરૂરિયાતમંદ દર્દીઓને વિવિધ મેડિકલ સાધનો સહાયરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હાપા સ્થિત ગૌશાળામાં મુખ્ય અતિથિ એ. એમ. શુકલના હસ્તે ગૌમાતાનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગૌમાતાની આરતી ઉતારી ગૌસેવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને ભાવિકોએ પણ ગૌપૂજનમાં સહભાગી બની ગૌસંવર્ધન અને ગૌસેવાનો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, સમાજના અગ્રણીઓ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા સમાજજાગૃતિ, જનકલ્યાણ અને સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અતુલભાઇ કાતર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૩-વ્હીલર વીક્રેતાને ચેક રીર્ટન કેસમા બે વર્ષની સજા તથા રૂા.૭.૫૦ લાખનો દંડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમા પટેલ કોલોની વિસ્તારમા રહેતા નરેન્દ્રસિંહ મંગળસિંહ જાડેજા પાસેથી તેના મીત્ર અને અગાઉ રાજદીપ ફાઈનાન્સમા એકાઉટન્ટ તરીકે નોકરી કરતા જીજ્ઞેશ ચંદ્રકાન્ત માલણે ૩.૭,૫૦,૦૦૦/-ચુકવવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, લાલ બંગલા શાખા, જામનગરનો રૂા. સાત લાખ પચાસ હજારનો ચેક આપેલ જે ચેક ફંડ ઈન શફીશીયન્ટ ના કારણસર બાઉન્સ થયેલ જેથી નરેન્દ્રસિંહ જાડેજાએ પોતાના વકીલ મારફત નોટીશ આપી ચેક બાઉન્સની જાણ કરી ૧૫ દિવસમા નાણા ચુકવી આપવા સુચના આપેલ. જે નોટીશ મળ્યા છતા જીજ્ઞેશ માલણે રકમ નહી ચુકવતા નરેન્દ્રસિંહે જામનગર ચીફ. જયુડી. મેજી.ની કોર્ટમા ચાલી જતા જે કેસ એડી.ચીફ.જયુડી.મેજી.દવેની કોર્ટમા ચાલી જતા ફરીયાદીએ રજુ કરેલ મૌખીક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ આરોપી જીજ્ઞેશ માલણ ને ૨ (બે) વર્ષ ની સજા ચેકની રકમ રૂા.સાત લાખ પચાસ હજારનો દંડ કરી ૩૦ દિવસમા ચુકવી આપવા હુકમ કરેલ ફરીયાદી તરફે વકીલ તરીકે ડી.સી. અંકલેશ્વરીયા (બારોટ) રોકાયેલ હતા.

# જામનગર પંથકમાં પાના ટીંચતી ૩ મહિલા સહિત ૧૮ની અટક

## શિવનગર, સતાપર, વાંસજાળીયા અને ખડધોરાજીમાં દરોડાઃ રોકડ, બાઇક અને ગંજીફો કબ્જે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર, જીલ્લામાં ગંજીપતા વડે જુગાર રમતા ૩ મહિલા સહિત ૧૮ની અટકાયત કરી છે, રોકડ, સાહિત્ય અને બાઇક કબ્જે લેવામાં આવ્યુ છે, શહેરના શિવનગર, જામજોધપુરના સતાપર, વાંસજાળીયા અને ખડધોરાજીમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

જામનગર એલસીબીની ટુકડી પેટ્રોલીંગમાં હતી ત્યારે મળેલ બાતમી આધારે હરીયા કોલેજ પાછળ શિવનગર શેરી નં. ૨માં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા મહાકાળી સર્કલ, ગાયત્રીનગરમાં રહેતા હરભમ જીવણ નરા, જીવણ હરભમ નરા, ખાખીનગરના દિવ્યાબેન ખીમજી કરંગીયા, મોહનનગરના લતાબેન દિનેશ વિઠલપરા અને મોહનનગરના માયાબેન જીતેન્દ્ર સુમરીયાની અટકાયત કરી ૪૧૭૫૦ની રોકડ, ૧ મોટરસાયકલ મળી કુલ ૧.૦૧.૭૫૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજા દરોડામાં સતાપર ૬૬ કેવી સબ સ્ટેશન પાસે જાહેરમાં ગંજીપતા વડે જુગાર મતા નવા સતાપર ગામના રમેશ વશરામ સુરેલા, નવઘણ ચના રાઠોડ, શૈલેષ પુના ચૌહાણને ઝડપી લઇ ૩૨૫૦ની રોકડ કબ્જે લેવામાં આવી હતી.

જામજોધપુરના વાંસજાળીયા ગામે શેરી પાસે તિનપતીનો જુગાર રમતા સતાપરના ખેંગાર ખીમા સોંદરવા, વાંસજાળીયાના અબુ ઇસ્માઇલ ચાવડા, ભાણજી પુંજા સવસાણી, અશ્વીન ગાંગજી ધરસંડીયા, દિનેશ વૃજલાલ લાખાણી, ભુપત મોહન ભરડવા, કાનજી લાલજી પરમારને અટક કરી રોકડા ૧૦૨૦૦ અને ગંજીપતા કબ્જે લીધા હતા.

આ ઉપરાંત કાલાવડના ખડધોરાજી ગામે પાના ટીંચતા નિકાવાના મુકેશ પ્રેમજી પરમાર, ખડધોરાજીના જેઠા ભીમા પરમાર અને નિકાવાના સતાર આમદ ભટ્ટીને રોકડા ૩૭૪૦ અને ગંજીફા સાથે દબોચી લીધા હતા.

# દ્વારકા નજીક ખાનગી કંપનીમાંથી ત્રણ લાખથી વધુના વાયરની ચોરી

## ૬૦૦ કિ.ગ્રા.ના ૩ લાની કિંમત ધરાવતા

**સમય સંદેશઃ ખંભાળીયા**

દ્વારકા તાલુકાના કુરંગા ગામે આવેલી આરએસપીએલ કંપનીમાં કોઈ તસ્કરોએ જુલાઈ માસના સમયગાળા દરમિયાન અપ પ્રવેશ કરી, બાઉન્ડ્રીના મટીરીયલ યાર્ડમાં રાખવામાં આવેલા રૂપિયા ત્રણ લાખ છ હજારની કિંમતના ૬૦૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ કોપર વાયરની ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આ ચોરી સંદર્ભે કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર વિજયસિંઘ સીયારામ રાજપૂત (ઉ.વ. ૪૫, મૂળ રહે. ઉત્તર પ્રદેશ)ની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી, આગળની તપાસ ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. પાયલબેન ડાંગર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પ્રથમ કેસ આવતા ગ્રામજનોમાં ભયની લાગણી

## રાજકોટમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલા ડાંગરાના ૬ વર્ષના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ: રોગચાળાના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ ઉંધામાથે: દવા છંટકાવ સહીતની કામગીરી

**સમય સંદેશ: જામનગર**

જામનગર જિલ્લામાં બાળકો માટે અતિ જોખમી ચાંદીપુરાનો પ્રથમ કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઇ છે. રાજકોટમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલા ડાંગરાના ૬ વર્ષના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવતા ગ્રામજનોમાં ચિંતા સાથે ભયની લાગણી ફેલાઇ છે. રોગચાળાના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ ઉંધા માથે કામગીરીમાં લાગ્યું છે અને દવા છંટકાવ સહીતની કામગીરી હાથ ધરી છે.

ધ્રોલ તાલુકાના ડાંગરા ગામના વાડી વિસ્તારમાં રહેતા ૬ વર્ષના બાળકને ભારે તાવ, ઝાડા-ઉલ્ટીના કારણે શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જણાતા પ્રથમ પડધરી સારવાર અર્થે ખસેડાયો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં બાળકનો ચાંદીપુરાનો રિપોર્ટ આવે તે પૂર્વે તેનું મૃત્યુ નિપજતા પરિવારમાં શોકની લાગણી ફેલાઇ છે. મૃત્યુ પામેલા આ બાળકનો ચાંદીપુરાનો રિપોર્ટ પોઝીટીવ આવતા ડાંગરા ગામ તથા આજુબાજુના





વિસ્તારમાં રહેતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઇ છે. બીજી બાજુ જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઇ છે. ચાંદીપુરાના પોઝીટીવ કેસના પગલે આરોગ્ય વિભાગની ટીમે ગામમાં ધામા નાખ્યા છે અને રોગચાળાના નિયંત્રણ માટે દવા છંટકાવ, દીવાલોની તીરાડો કે જેમાં ચાંદીપુરા વાયરસ ફેલાવનારી માખી રહે છે તેને બુરવા સહીતની કામગીરી હાથ ધરી છે. જેમાં કાલાવડ પંથકમાંથી શંકાસ્પદ લક્ષણો સાથે લાવવામાં આવેલા બે વર્ષીય માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે. એક બાળક અત્યંત નાજુક સ્થિતિમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા હંમેશની જેમ સંબંધિત વિસ્તારોમાં સર્વેલન્સ અને તકેદારીના માત્ર કાગળ પર દાવા કરવામાં આવી રહ્યા છે. લોકોને ગભરાઈ જવાના બદલે સાવચેતી રાખવા અને બાળકોમાં તાવ, ઝાડા, ઊલટી કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવા સલાહ અપાઈ રહી છે.

### વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો છે. પસાયા ગામના ૬ વર્ષના બાળકને ભારે તાવ, ઝાડા-ઉલ્ટી અને આંચકીના ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જણાતા બેભાન હાલતમાં આજે સવારે સારવાર અર્થે જી.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ બાળકના લોહી સહીતના નમૂના લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલાયા છે.

# ધ્રોલમાં ₹૨૫.૯૨ લાખના વિદેશી દારૂ પર ફેરવાયું રોડરોલર

## ધ્રોલ અને જોડિયા પોલીસે જપ્ત કર્યો હતો દારૂ; આહિર કન્યા છાત્રાલય પાછળ ૬,૧૫૭ બોટલો નષ્ટ

**સમય સંદેશ: જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ અને જોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જપ્ત કરાયેલા ₹૨૫.૯૨ લાખની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો કોર્ટના હુકમ બાદ વિધિવત નાશ કરવામાં આવ્યો છે. ધ્રોલના આહિર કન્યા છાત્રાલય પાછળ આવેલા ખુલ્લા મેદાનમાં ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આ કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ હતી.

પોલીસ દ્વારા દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલી કુલ ૬,૧૫૭ નંગ વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. નાશ કરાયેલા આ વિદેશી દારૂના જથ્થાની કુલ કિંમત ₹૨૫,૯૨,૦૦૦ આંકવામાં આવી હતી.





આ સમગ્ર કામગીરી ઉચ્ચ મહેસૂલી અને પોલીસ અધિકારીઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. જેમાં DYSP પિયુષ વાંદા, પ્રાંત અધિકારી (SDM) બ્રિજેશ કાલરીયા, ધ્રોલ તથા જોડિયાના મામલતદાર અને સ્થાનિક ડ્ઈ રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સ્થળ પર તમામ ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં જરૂરી પંચરોજકામ કરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દ્વારા વહીવટી તંત્રે ગેરકાયદે દારૂની પ્રવૃત્તિઓ સામે કડક સંદેશ પાઠવ્યો છે.

## ત્રણ વર્ષ માટે કરાઈ નિયુક્તિ: સંભવત: સોમવારે સંભાળશે કાર્યભાર

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ પદે ડો. માનસી દેશપાંડેની નિયુક્તિ

**સમય સંદેશ: જામનગર**

જામનગર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના નવા વા.ચાન્સલેર તરીકે ડો. માનસી મકરંદ દેશપાંડેની નિયુક્તિ કરવામાં આવી છે. તેઓની આ નિયુક્તિ ત્રણ વર્ષ માટેની છે અને સંભવત: સોમવારે તેઓ કાર્યભાર સંભાળશે.

વિશ્વ પ્રસિદ્ધ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ તરીકે જાણીતા આયુર્વેદ શિક્ષણવિદ ડો. માનસી દેશપાંડેની નિયુક્તિ કરવામાં આવી છે.રાજયના શિક્ષણ વિભાગ દ્વારા તેઓની ત્રણ વર્ષ માટે યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિયુક્ત કરવાના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. સંભવત: તા. ૧૦ને સોમવારે કાર્યભાર



સંભાળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડો. માનસી મકરંદ દેશપાંડે જામનગરમાં જ આયુર્વેદનું કોલેજ કક્ષાનું શિક્ષણ ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયમાંથી મેળવ્યા બાદ તેણીએ દ્રવ્યગુણ વિષયમાં એમડી આયુર્વેદની ડીગ્રી પણ જામનગરની આઇપીજીટી એન્ડ આર. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાંથી મેળવી હતી.

શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ત્રણ દાયકાથી વધુ સમયનો અનુભવ ધરાવતા ડો. માનસી લાંબા સમયથી ભારતીય વિદ્યાપીઠ કોલેજ ઓફ આયુર્વેદ પુર્ણ સાથે સંકળાયેલા છે.

તેઓ ત્યાં પ્રોફેસર દ્રવ્યગુણ વિજ્ઞાન વિભાગના વડા અને વાઇસ પ્રિન્સીપાલ તરીકે મહત્વની જવાબદારી સંભાળી છે. ઔષધીય વનસ્પતિ, આર્યુ ફાર્માકોલોજી, રસાયણ ચિકિત્સા ઉપરાંત આયુર્વેદ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ તેણીને વૈદ્ય સુંદરલાલ જોશી શિક્ષણ પુરસ્કાર આપવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલરથી ગુજરાત આર્યુ. યુનિ.નું ગાડુ ગબડતુ હતું જે પદ પર હવે ત્રણ વર્ષ માટે ડો. માનસી દેશપાંડેની નિયુક્તિ થતા કામગીરીને વેગ મળશે.

# ધ્રોલના લૈયારા નજીક ગાય આડી ઉતરતા એકટીવા સ્લીપ થતા વૃધ્ધનો ભોગ લેવાયો

## આશરે ૨૩ દિવસ પુર્વેના બનાવમાં ઈજાગ્રસ્ત વૃધ્ધે સારવારમાં દમ તોડયો : રસ્તે રઝડતા ઢોરના કારણે વધુ એક અકસ્માત

**સમય સંદેશ: જામનગર**

ધ્રોલના લૈયારા ગામમાં રહેતા વૃધ્ધ ગત મહિનામાં એકટીવા લઇને દુધ લેવા જતા હતા ત્યારે જાંબીડા રોડ પર અચાનક ગાય આડી ઉતરતા બાઇક સ્લીપ થવાથી શરીરે ગંભીર ઇજાઓ પહોચી હતી. આથી સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રખડતા ઢોરના કારણે અવાર નવાર નાના મોટા અકસ્માતો સર્જાય છે, અમુક બનાવોમાં માનવ જીંદગીનો ભોગ લેવાય છે.

ધ્રોલના લૈયારા ગામમાં રહુતા માનસિંગભાઇ રઘુભાઇ વાઘેલા (ઉ.વ.૬૦) નામના વૃધ્ધ ગત તા. ૧૪-૭-૨૬ સાંજના સુમારે એકટીવા ગાડી નં. જીજે૧૦ઇબી-૯૬૮૫ લઇને ઘરેથી ગામમાં દુધ લેવા માટે ગયા હતા, ત્યારે જાંબીડા તરફના રોડ પર પહોચતા અચાનક ગાય આડી ઉતરી હતી.

જેના કારણે એકટીવા સ્લીપ થઇ જતા તેમને માથા, છાતી અને શરીરના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયુ છે, આ અંગે લૈયારા ગામમાં રહેતા સામજી માનસંગભાઇ વાઘેલા દ્વારા ગઇકાલે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જાહેર કરવામાં આવ્યુ હતું. જેના આધારે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

રસ્તે રઝડતા પશુઓના કારણે નાના મોટા અકસ્માતના બનાવો છાસવારે બને છે શહેર ઉપરાંત હાઇવે પર ઢોર આડા ઉતરવાના કારણે વાહનોના અકસ્માતના બનાવ વધી રહયા છે વધુ એક માનવ જીંદગી ઢોરના કારણે ભોગ લેવાયો છે.

# જામનગર નજીક ૧૫૦૦ કિલોથી વધુ સ્પેરપાર્ટસનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

## ખીજડીયા બાયપાસ ચોકડી પાસે જીએસટી મોબાઇલ સ્કવોડની કાર્યવાહી: પાર્સલમાંથી બ્રાસ, એલ્યુમીનીય,સ્ટીલના પાર્ટસ નીકળ્યા: બીલ વગરનો જથ્થો છે કેમ તેની ચકાસણી

**સમય સંદેશ: જામનગર**

જામનગર નજીક ૧૫૦૦ કીલોથી વધુ સ્પેર પાર્ટસનો શંકાસ્પદ જથ્થો ઝડપાતા ચકચાર જાગી છે. જીએસટી મોબાઇલ સ્કવોડે ખીજડીયા બાયપાસ ચોકડી પાસે જીએસટી મોબાઇલ સ્કવોડે દરોડો પાડી આ કાર્યવાહી કરતા જે પેઢીઓના માલ છે તેના માલીકોમાં દોડધામ મચી ગઇ છે. પાર્સલની ચકાસણી દરમ્યાન બ્રાસ, એલ્યુમીનીયમ, સ્ટીલના પાર્ટસ નીકળતા બીલ વગરનો જથ્થો છે કે કેમ તેની તપાસ જીએસટી વિભાગ દ્વારા ચાલી રહી છે. તપાસના અંતે બીલ વગરનો માલ નીકળશે તે પેઢીઓ સામે નિયમ મુજબ દંડ વસૂલાત સહીતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જામનગરમાં જીએસટી કૌંભાડ દીન-પ્રતિદીન ઘટવાને બદલે વધી રહ્યા છે. બીજી બાજુ છાશવારે



જીએસટી ચોરીના કિસ્સા પણ પ્રકાશમાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં ગુરૂવારે મોડીરાત્રીના જીએસટી મોબાઇલ સ્કવોડ ચેકીંગમાં હતી. આ દરમ્યાન રાત્રીના બે વાગ્યાની આસપાસ માલ ભરેલા વાહનને રોકી ચેકીંગ કરવામાં આવ્યું હતું. વાહનમાં સામાન ભરેલા પાર્સલ શંકાસ્પદ જણાતા કબ્જે કરી જીએસટી કચેરીએ લાવી ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન અંદાજે ૫૦ થી વધુ પાર્સલ નીકળ્યા હતાં. આટલું જ નહીં આ પાર્સલમાં શું છે તેની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમ્યાન પાર્સલમાથી બ્રાસ, સ્ટીલ અને પિતળના સ્પેરપાર્ટસ નીકળ્યા હતાં. જેનો વજન કરવામાં આવતા ૧૫૦૦ કીલોથી વધુનો જથ્થો હોવાનું ખૂલ્યું હતું. સ્પેરપાર્ટસના આ શંકાસ્પદ પાર્સલો એટલે કે તેના નિયમ મુજબના જીએસટીના બીલ છે કે કેમ તે સહીતના મુદે ચકાસણી હાથ ધરવામાં આવી છે. આથી જે પેઢીઓએ આ જથ્થો મંગાવ્યો છે તેના માલીકો અને સંચાલકોમાં દોડધામ મચી ગઇ છે. હાલમાં તો આ શંકાસ્પદ સામાનની ચકાસણી હાથ ધરવામાં આવી હોય બીલ વગરનો સામાન જણાશે તો સંબધિત પેઢીઓ સામે દંડ સહીતની જીએસટીના નિયમ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ અતરંગ સૂત્રોએ જણાવ્યું છે.જામનગરની જીએસટી મોબાઇલ સ્કવોડે બ્રાસ,એલ્યુમીનીય અને સ્ટીલનો ૧૫૦૦ કીલોથી વધુ સ્પેરપાર્ટસનો શંકાસ્પદ જથ્થો પકડી પાડતા બીલ વગરનો માલ મંગાવી જીએસટી ચોરી કરતા તત્વોમાં ફફડાટ સાથે દોડધામ મચી ગઇ છે.

# શહેરમાં શ્રમિક યુવાન પાસે ૧૩ લાખના ૨૨ લાખ ચૂકવવા છતા પઠાણી ઉઘરાણી કરતા ફીનાઈલ પીધું

## બે વ્યાજખોર સામે ફરીયાદથી ચકચાર: યુવાનને સારવારમાં ખસેડાયો: ફરી માથું ઉચકતા વ્યાજખોરો

**સમય સંદેશ: જામનગર**

જામનગરમાં વ્યાજખોરો થોડો સમય શાંત રહયા બાદ ફરી માથુ ઉચકયુ હોય તેમ તાજેતરની બે ફરીયાદ બાદ વધુ એક મામલો પોલીસમાં પહોચ્યો છે, ગ્રીનપાર્કમાં રહેતા શ્રમિક યુવાન પાસેથી તોતીંગ વ્યાજ વસુલી ગાડી ઝુંટવી લઇ અને પઠાણી ઉઘરાણી કરીને ધમકી દીધાની કાલાવડ નાકા બહાર રહેતા બે વ્યાજખોર સામે વિધિવત પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા ચકચાર વ્યાપી છે, વ્યાજે લીધેલી ૧૩ લાખની રકમનું ૨૨ લાખ ચુકવણુ કરવા છતા બળજબરી કરવામાં આવી હતી.

જામનગરના કાલાવડ નાકા બહાર એસટી ડીવીઝન પાસે ગ્રીન પાર્ક શેરી નં. ૧માં રહેતા અમન યુનુસભાઇ મલેક (ઉ.વ.૨૩) નામના શ્રમિક યુવાનની ઘરની આર્થિક પરિસ્થીતી નબળી હોય અને રૂપીયાની જરૂરીયાત ઉભી થતા આરોપીઓ પાસેથી કટકે કટકે અંદાજે ૧૩ લાખ જેટલી રકમ માસિક ૨૦ ટકા લેખે વ્યાજે લીધી હતી.

જે પૈકી બંને આરોપીઓને આજ સુધી કુલ રૂા. ૨૨ લાખ વ્યાજ ગુગલ પે તથા રોકડેથી ચુકવી આપેલ હોય તેમ છતા બંને આરોપીઓ ફરીયાદીના બેંકના બે ચેક બળજબરીથી લઇ ગયેલ હોય અને ફરીયાદીના નામની એકસેસ મોટરસાયકલ નં. જીજે૧૦ડીકયુ-૧૨૩૦ બળજબરીથી લઇને પોતાના કબ્જામાં રાખી હતી.

ઉપરાંત આરોપીઓએ અપશબ્દો કહી મુળ રકમ તથા હજુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હોય તેમજ ફરીયાદીને ચેક બાઉન્સ કરી નેગોશીએબલની ફરીયાદ કરવાની તેમજ પગ કાઢી લેવાની ધમકી આપતા હોય આથી મામલો પોલીસમાં લઇ જવામાં આવ્યો હતો.

આ અંગે અમનભાઇ મલેક દ્વારા સીટી-એ ડીવીઝનમાં ગત મોડી રાત્રીના કાલાવડ નાકા બહાર ગરીબ નવાઝ પાર્ક-૨, શેરી નં. ૬માં રહેતા અનિષ યુસુફ મીનાણી-ગરાણા તથા તૌફીક યુસુફ મીનાણી નામના બે શખ્સો વિરુધ્ધ બીએનએસ કલમ ૩૦૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા મનીલેન્ડર્સ એકટ મુજબ ફરીયાદ નોંધાવતા પીએસઆઇ ડી.જી. રામાનુજ અને સ્ટાફ દ્વારા તપાસ ચલાવવામાં આવી છે.

આરોપીઓ દ્વારા ફરીયાદી યુવાનને પઠાણી ઉઘરાણી માટે ધમકી આપવામાં આવી હતી, વ્યાજના પૈસા આપી દે નહીંતર તારૂ મકાન વહેચી નાખ, અને પૈસા નહીં આપે તો ઘરેથી ઉપાડી જઇશું તેવી દાટી મારી હતી,જે બાબતનું લાગી આવતા ફરીયાદી યુવાને માથરૂમમાં જઇને ફીનાઇલ પી લેતા ઉલ્ટી-ઉબકા થવાની ૧૦૮ મારફત સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

દરમ્યાન ત્યાંથી સારવાર કરાવી રજા આપતા ફરીયાદી તેમના તેમના માતા પિતા સાથે સીટી એ ડીવીઝન ફરીયાદ કરવા પહોંચ્યા હતાં જયાં ઉપરોકત વિગત મુજબ ફરીયાદ નોંધાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે જામનગરમાં થોડો સમય શાંત રહયા બાદ વ્યાજખોરોએ ફરી માથુ ઉચકયુ છે, તાજેતરમાં બે વ્યાજખોર સામે ફરીયાદ નોંધાવવામાં આવી હતી, વધુ એક મામલો પોલીસમાં પહોચ્યો છે. જેના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી છે.

# શહેરમાં ઓળવી જવાયેલો ૨.૨૧ કરોડનો બ્રાસ સ્ક્રેપ કબ્જે: બે શખ્સની ધરપકડ

## ૨.૩૭ કરોડનો બ્રાસ સ્ક્રેપ જામનગરના ડઝનેક વેપારીઓને પહોચાડવાનો હતો

**સમય સંદેશ: જામનગર**

ઢેબર રોડ પર આવેલી શ્યામ ટ્રાન્સપોર્ટ નામની પેઢીની દિલ્હી ખાતેની હેડ ઓફીસથી ટ્રકમાં મોકલાવેલો રૂા. ૨.૯૭ કરોડનો બ્રાસ સ્ક્રેપ રાજસ્થાનના ટ્રક ચાલક મનોહરસિંગ અને કિલનર ઓળવી ગયાની ભકિતનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી જેના આધારે પોલીસે બે આરોપીની ધકપકડ કરી રૂા. ૨.૧૧ કરોડનો મુદામાલ કબ્જે કર્યો છે. ૨.૩૭ કરોડનો સ્ક્રેપનો માલ જામનગરના વેપારીઓને પહોચાડવાનો હતો પરંતુ માલ નહી પહોચતા દેકારો થયો હતો.

મુખ્ય આરોપી મનોહરસિંગે અમદાવાદના વટવા અને રખીયલ વિસ્તારમાં રહેતા મહમદ આસીફ મહમદનિઝામ હાસમી (ઉ.વ.૨૭) અને રીઝવાન જમીલ પઠાણ (ઉ.વ.૨૩) સાથે આ બ્રાસ સ્ક્રેપનો સોદો કર્યો હતો જેથી આ બંને આરોપીઓએ રૂા. ૧૮ હજારનું ભાડુ બાંધી ટ્રક બોલાવ્યો હતો જે ટ્રકમાં તમામ માલ ભરાવી અમદાવાદ તરફ જવા નિકળી ગયા હતા.

તે સાથે જ મુખ્ય આરોપી મનોહરસિંગ અને કિલનર પ્રતાપસિંગ પણ રવાના થઇ ગયા હતા આ બંને આરોપીઓ તો પોલીસના હાથમા આવ્યા નથી પરંતુ પોલીસને ઓળવી જવાયેલો બ્રાસ સ્ક્રેપ ટ્રકમાં અમદાવાદ તરફ જઇ રહયાની બાતમી મળી હતી જેના આધારે હાઇવે પરથી ટ્રક અટકાવી રૂા. ૨.૨૧ કરોડનો બ્રાસ સ્ક્રેપ કબ્જે કરી બંને આરોપીની ધરપકડ કરી હતી પોલીસે મુખ્ય આરોપી મનોહરસિંગ અને કિલનરને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે ૨.૩૭ કરોડનો બ્રાસ સ્ક્રેપનો માલ જામનગરના ડઝનેક વેપારીઓને પહોચાડવાનો હતો પરંતુ વેપારીઓ પાસે માલ નહી પહોચતા દેકારો મચી ગયો હતો.

# ખંભાળિયા નજીક તોતિંગ વાહનની ઠોકરે યુવાનનું મૃત્યુ

**સમય સંદેશ: ખંભાળીયા**

ખંભાળિયા તાલુકાના નાના માંઢા ગામે રહેતા અને ખાનગી કંપનીમાં લોડરના ડ્રાઈવર તરીકે નોકરી કરતા અસગરભાઈ હાજીભાઈ સંધિ નામના ૪૨ વર્ષના યુવાન ગઈકાલે શુક્રવારે સલાયા નજીક આવેલી એસ્સાર જેટીના ડીઝલ પોઈન્ટ સામેના ભાગે નાઈટ શિફ્ટની નોકરીમાં કામ કરી રહ્યા હતા, તે દરમિયાન અહીં જી.જે. ૩૭ એસ. ૮૨૪૧ નંબરના એક હાઈડ્રો વાહનના ચાલક ક્રિપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ. ૩૨, રહે. મોટા માંઢા) એ પોતાનું વાહન ગફલતભરી રીતે રિવર્સમાં લેતા આ હાઇડ્રો વાહનના વ્હીલ હેઠળ અસગરભાઈ સંધિ આવી જતા તેમનું માથું કચળાઈ ગયું હતું અને અહીં લોહી લોહાણ હાલતમાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે સલાયા મરીન પોલીસે મૃતકના મોટાભાઈ ગફારભાઈ હાજીભાઈ સંધિ (ઉ.વ. ૪૫, રહે. નાના માંઢા) ની ફરિયાદ પરથી હાઈડ્રો વાહનના ચાલક ક્રિપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સામે બી.એન.એસ.ની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com